# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-09-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

********************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું રાષ્ટ્રને સંબોધન- આવતીકાલથી શરૂ થતાં GST બચત ઉત્સવ બાદ ઓછી કિંમતે પસંદગીની વસ્તુઓ ખરીદી શકાશે.
2. પ્રધાનમંત્રીની ત્રિપુરા મુલાકાત માટેની તૈયારીઓ પૂર્ણ
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, દિવ્યાંગ વ્યક્તિઓને સહાનુભૂતિથી નહી પરંતુ દિવ્યતાના પ્રતિક તરીકે જોવા જોઇએ.
4. ઈરાને જાહેરાત કરી છે કે, તે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી - IAEA સાથે સહયોગ કરવાનો પોતાનો નિર્ણય રદ કરશે
5. એશિયા કપ ટી-20 ક્રિકેટમાં પાકિસ્તાન સામેની મેચમાં ભારતે ટૉસ જીતી બૉલિંગ પસંદ કરી.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આગામી પેઢીના GST ફેરફાર આવતીકાલે નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવશે. રાષ્ટ્રને સંબોધતા આજે શ્રી મોદીએ કહ્યું,  આવતીકાલથી શરૂ થઇ રહેલા વસ્તુ અને સેવા કર- GST બચત ઉત્સવ બાદ લોકો ઓછી કિંમતે પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદી શકશે. આ ફેરફાર સાથે રાષ્ટ્રની વિકાસગાથા બદલાઈ જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

**(BYTE: PM NARENDRA MODI)**

શ્રી મોદીએ કહ્યું, યુવાન, મધ્યમ વર્ગ, ખેડૂતો, મહિલાઓ અને ઉદ્યમીઓને બચત ઉત્સવથી લાભ થશે. દરેક રાજ્ય રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક સમાન ભાગીદાર થશે. પ્રધાનમંત્રીએ GST ફેરફાર, બચત ઉત્સવ અને નવરાત્રિ અંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પણ પાઠવી.

પ્રધાનમંત્રીએ કહ્યું, તેમની સરકાર નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે આગળ વધી રહી છે. તેમણે કહ્યું, ભારતમાં ઉત્પાદન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમીઓને સારી ગુણવત્તાની વસ્તુઓનું ઉત્પાદન કરવા આગ્રહ કર્યો.

-------------

# PM-TRIPURA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ત્રિપુરા મુલાકાત માટેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે, તેઓ આવતીકાલે પ્રસાદ યોજના હેઠળ માતા ત્રિપુરા સુંદરી મંદિર સંકુલમાં નવા વિકસિત માળખાગત સુવિધાઓ અને વિવિધ સૌંદર્યકરણ કાર્યોનું ઉદ્ઘાટન કરશે. આ અંગે પોલીસ મહાનિરીક્ષક ઇપ્પર મંચકે જણાવ્યું હતું કે, મંદિર પરિસરમાં અને તેની આસપાસ તેમજ જ્યાં ગોમતી જિલ્લામાં ઉદયપુર શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. O. T. P. C પલટાણાથી મંદિર સુધી 12 કિલોમીટરનો રોડ શો પણ યોજવામાં આવશે, જેમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે,અને ચુસ્ત સલામતી માટે ત્રિપુરા પોલીસ, CRPF અને BSF જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

મહત્વનું છે કે, પુનઃવિકસિત મંદિરનું ઉદ્ઘાટન કર્યા પછી, પ્રધાનમંત્રી મોદી 51 શક્તિપીઠોમાંના એક એવા માતા ત્રિપુરા સુંદરીમાં જઈને પૂજા - અર્ચના કરશે. આ સાથે તેઓ આવતીકાલે બપોરે અરુણાચલ પ્રદેશથી અગરતલા પહોંચવાના છે, અને ત્યાંથી ઉદ્ઘાટન કાર્યક્રમ માટે સીધા રાજ્યની રાજધાનીથી લગભગ 65 કિલોમીટર દક્ષિણમાં સ્થિત ઉદયપુર પહોંચશે.

. . . . . . . . . . . . . .

## RAJASTHAN-SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે રાજસ્થાનના જોધપુરમાં શ્રી પારસમલ બોહરા કોલેજ ફોર ધ બ્લાઈન્ડના નવા મકાનોનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. આ તકે, ગૃહમંત્રીએ કહ્યું કે,

સમાજ સેવામાં નાની પહેલ એ દિવ્યાંગો માટે મોટા પરિવર્તન લાવી શકે છે અને દિવ્યાંગ વ્યક્તિઓને સહાનુભૂતિથી નહીં પરંતુ દિવ્યતાના પ્રતીક તરીકે જોવી જોઈએ. સમાજ, સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી કંઈપણ અશક્ય નથી. પેરાલિમ્પિકમાં ભારતના 52 મેડલનો ઉલ્લેખ કરતા,શ્રી શાહે જણાવ્યું હતું કે, સિદ્ધિઓ સાબિત કરે છે કે દિવ્યાંગ વ્યક્તિઓ કંઈ પણ કરી શકે છે જો તેમની આંતરિક શક્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે.

વધુમાં શ્રી શાહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગની સ્થાપના કરી, જેનું બજેટ વર્ષ 2014માં 338 કરોડ રૂપિયા હતું જે વધીને આજે 1 હજાર 313 કરોડ રૂપિયા થયું છે.

. . . . . . . . . . . . . . .

## IRAN-IAEA

ઈરાને જાહેરાત કરી છે કે, તે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી - IAEA સાથે સહયોગ કરવાનો પોતાનો નિર્ણય રદ કરશે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ 2015 ના પરમાણુ કરાર હેઠળ પ્રતિબંધ રાહત લંબાવવામાં નિષ્ફળ ગયા બાદ ઈરાને આ જાહેરાત કરી હતી, જેને સંયુક્ત વ્યાપક કાર્ય યોજના તરીકે ઓળખવામાં આવે છે.

એક નિવેદનમાં, ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ (SNSC) એ ત્રણ યુરોપિયન દેશો: ફ્રાન્સ, બ્રિટન અને જર્મનીની કાર્યવાહીની નિંદા કરી અને આ દેશો પર રાજદ્વારી પ્રયાસોને નબળા પાડવાનો આરોપ લગાવ્યો.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પ્રતિબંધ રાહતને લંબાવવાનો ઠરાવ પસાર કરવામાં નિષ્ફળ ગયા પછી આ પગલું લેવામાં આવ્યું છે. ગયા મહિને, ત્રણ યુરોપિયન દેશોએ કરારના સ્નેપબેક મિકેનિઝમને સક્રિય કર્યું, જેના કારણે ઈરાન પર સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધો ફરીથી લાદવામાં આવી શકે છે. ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ આ રાજકીય દબાણની ટીકા કરી અને IAEA સાથે રાજદ્વારી અને તકનીકી સહયોગ પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેમણે ચેતવણી આપી કે વધુ તણાવ પ્રાદેશિક સ્થિરતાને અસર કરી શકે છે.

. . . . . . . . . . . . . . .

## INDIA-US COOPERATION

ભારત અને અમેરિકી સેનાઓ સંરક્ષણ, તબીબી અને રણનીતિક ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ડાયરેક્ટર જનરલ અને સર્જન વાઇસ એડમિરલ આરતી સરીનના નેતૃત્વમાં ભારતીય સશસ્ત્ર દળો અને તબીબી સેવાઓના અધિકારીઓના એક પ્રતિનિધિ મંડળે હોનોલુલુ અને હવાઈમાં સ્થિત અમેરિકી સશસ્ત્ર દળોની તબીબી સુવિધાઓની મુલાકાત લીધી હતી.

દરમિયાન બંને ટીમે પરસ્પર વાટાઘાટોમાં ભાગ લઈને લશ્કરી, મરીન અને ઉડ્ડયન તબીબી ક્ષેત્રે ભાગીદારી વધારી, અને ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય કવાયતોમાં તબીબી ભાગીદારી વધારવાના માર્ગો ઉપર વિચાર વિમર્શ પણ કર્યો.

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------------------------------------------

## GST - AUTOMOBILE

વસ્તુ અને સેવા કર – જીએસટીના નવા દરો આવતીકાલથી અમલમાં આવશે. આજે, આપણે ઓટોમોબાઈલ ક્ષેત્ર પર આ સુધારાઓ અંગે સાંભળીએ એક અહેવાલ,

(વોઇસ કાસ્ટ – સૌમ્યા)

. . . . . . . . . . . . . .

## NHRC-MEA

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC), અને વિદેશ મંત્રાલયના સહયોગથી 22 સપ્ટેમ્બરથી લઈને 27 સપ્ટેમ્બર સુધી, નવી દિલ્હીમાં છ દિવસીય ભારતીય ટેકનિકલ અને આર્થિક સહયોગ કાર્યકારી ક્ષમતા નિર્માણ કાર્યક્રમનું આયોજન કરશે.

એક નિવેદનમાં, N. H. R. Cએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય માનવ અધિકારોના વિવિધ પરિમાણો અને આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણમાં આંતરદ્રટિ પ્રદાન કરવાનો છે તેમજ વૈશ્વિક દક્ષિણમાંથી વિવિધ રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓના સહભાગીઓમાં જાગૃતિ વધારવાનો છે.

કમિશને ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમ NHRC ની એવી દુનિયા બનાવવા માટેની પ્રતિબદ્ધતાનો પુરાવો બનશે જ્યાં માનવ અધિકારોનું સન્માન, રક્ષણ અને ઉજવણી કરવામાં આવે.

. . . . . . . . . . . . . .

# CRICKET ASIA CUP

એશિયા કપ ટી-20 ક્રિકેટના સુપર ચાર મુકાબલામાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાશે. ભારતીય સમય મુજબ દુબઈમાં આ મૅચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ, ભારતે ટૉસ જીતીને પહેલા બૉલિંગ_કરવાનો નિર્ણય કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, બંને દેશ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 14 મૅચમાંથી ભારતે 11 મૅચ જીતી છે. અગાઉ ગ્રૂપ તબક્કામાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતીય જોડી સાત્વિકસાઈરાજ રેનકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટી આજે ચીનના શેનઝેન ખાતે યોજાયેલા ચાઇના માસ્ટર્સના મેન્સ ડબલ્સ ફાઇનલમાં રનર અપ રહી હતી. ટોચના ક્રમાંકિત વર્લ્ડ ચેમ્પિયન દક્ષિણ કોરિયાના કિમ વોન હો અને સીઓ સ્યુંગ જેએ ફાઇનલમાં ભારતીય જોડીને 21-19, 21-15 થી હરાવી હતી.

અગાઉ સેમિફાઇનલમાં, આઠમી ક્રમાંકિત ભારતીય જોડીએ ગઈકાલે બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા મલેશિયાના એરોન ચિયા અને સોહ વૂઈ યિકને 21-17, 21-14 થી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# KOLKATA-SEVA PARV CAMPAIGN

ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે 17 સપ્ટેમ્બરથી લઈને 2 ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, ત્યારે સેવા પર્વ અભિયાનના ભાગરૂપે આજે કોલકાતા અને સીલીગુડીમાં નમો મેરેથોનનું આયોજન કરાયું હતું, આ નમો મેરેથોનનો ઉદ્દેશ નશામુક્ત ભારત બનાવવાનો છે.

આ મેરેથોન કોલકાતાના સીમલા વિસ્તારમાં સ્થિત સ્વામી વિવેકાનંદના ઘરેથી શરૂ થઈને, શ્યામ બજાર વિસ્તારના પાંચ પોઇન્ટ ક્રોસિંગ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા પર સમાપ્ત થઈ હતી.

. . . . . . . . . . . . . .

# J&K-ROAD PROJECTS

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY-4), બેચ-1 (2025-26) હેઠળ ઉધમપુર-કઠુઆ-ડોડા લોકસભા મતવિસ્તારમાં 110 નવા રસ્તાના કામોને મંજૂરી આપી છે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ, 2 હજાર કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથેના આ પ્રોજેક્ટ્સ, પ્રદેશના 178 રહેઠાણોને રોડ કનેક્ટિવિટી પ્રદાન કરશે. કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આ દરખાસ્તોને મંજૂરી આપીને પ્રધાનમંત્રી કાર્યાલયમાં કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહને સંબોધિત પત્ર દ્વારા આ નિર્ણયની જાણ કરી.

આ તકે, ડૉ. સિંહે કેન્દ્રનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, આ પ્રોજેક્ટ્સ ગ્રામીણ વસ્તી માટે સુલભતા અને મુસાફરીની સરળતામાં નોંધપાત્ર સુધારો કરશે. ઉધમપુર જિલ્લો P. M. G. S. Y રોડ પ્રોજેક્ટ્સની દ્રષ્ટિએ દેશના ટોચના ત્રણ જિલ્લાઓમાં સ્થાન ધરાવે છે, ત્યારે વધુ કામો થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . .